


## Cadaver Organ Donor Yogesh M. Patel



# पति ब्रेनडेड हुए तो पत्नी ने दान कराए ऑर्गन, तीन को मिल गई नई जिंदगी

हेल्थ रिपोर्टर | सूरत

अडाजण के 42 वर्षीय व्यक्ति के ब्रेनडेड हो जाने के बाद उनकी पत्नी ने मानवता को जीवंत करते हुए कहा यदि ब्रेनडेड के बाद इनकी मृत्यु निश्चित है तो इनके ऑर्गन डोनेट कर किसी और की लाइफ बचानी है। परिजनों की सहमति से तीन लोगों को ऑर्गन ट्रांसप्लांट किए गए।

प्राइम मार्केट के पास बाइक रिपेयरिंग का काम करने वाले एकता नगर निवासी योगेश मोहन भाई पटेल ट्यूमर के बाद ब्रेनडेड हो गए। 13 जून को शाम को तीन बजे सिर में दर्द होने से उन्हें अडाजण के निजी अस्पताल में भर्ती कराया गया। 14 जून को मेटास ऐडवेंटिस्ट अस्पताल के न्यूरो सर्जन डॉक्टर किरीट शाह ने चेकअप किया और 15 को ट्यूमर निकाल दिया। 16 जून को ब्रेनडेड घोषित किया गया। ऑर्गन डोनेट संस्था लाइफ डोनेट के माध्यम से योगेश के ऑर्गन डोनेट किए गए। अहमदाबाद के डॉक्टरों की मदद से किडनी सूरत निवासी 10 वर्षीय यतिन कुमार बोरा को, दूसरी किडनी जामनगर निवासी 40 साल के राजेश जगदीश ठक्कर को, लिवर मेहसाणेश भाई पटेल को ट्रांसप्लांट किया गया। कॉर्निया को लोकदृष्टि चक्षु बैंक संस्था के पास सुरक्षित रखा गया है।

पति के ब्रेनडेड होते ही रंजन ने अंगदान करवा दिए।

# ब्रेनडेड यूवक के अंगों का दान



लोकतेज संवाददाता

सूरत। पालनपुर जकातनाका के पास एकतानगर में रहनेवाले और अडाजण प्राईम आर्केड के पास व्हीकल रिपेरिंग का काम करनेवाले योगेश मोहन पटेल (उम्र 42) को 13 जून को अचानक सरदर्द के साथ उल्टी शुरू हुई। चिकित्सा के लिए अडाजण स्थित पारिजात अस्पताल में सीटी स्केन करने पर ब्रेईन ट्यूमर होने का पता चला। अधिक चिकित्सा के लिए सेवन्थ एडवेन्टीस अस्पताल में ले गए. चिकित्सकों की टीम ने 16 जून को योगेश पटेल को ब्रेन डेड घोषित किया। चिकित्सकों एवं डोनेट लाईफ के निलेश मांडलेवाला के समझाने पर परिवार के सदस्य अंगदान के लिए तैयार हुए। एक किडनी सूरत के 10 वर्षीय यतीनकुमार वोरा को और दूसरी किडनी जामनगर के 40 वर्षीय राजेश ठक्कर को ट्रान्सप्लान्ट की गयी। लिवर महेसाणा के 58 वर्षीय रमेश पटेल को ट्रान्सप्लान्ट किया गया। इस तरह योगेश मृत देह से तीन को नव जीवन मिला।

# યુવાનના અંગ-ચક્ષુ દાનથી પાંચ વ્યક્તિને નવજીવન-રોશની મળી

(પ્રતિનિધિ દ્વારા) સુરત,શનિવાર

સુરતના પાલનપુર જકાતનાકાના કોળી પટેલ સમાજના બ્રેઇનડેડ યુવાનના અંગદાન, ચક્ષુદાનથી પાંચ વ્યક્તિને નવજીવન અને રોશની મળી છે.

પાલનપુર જકાતનાકા ખાતે વિદ્યાકુંજ સ્કુલ પાસે એકતાનગરમા રહેતા અને બાઇક રીપેરીંગનુ કામ કરતા ૪૨ વર્ષીય યોગેશ મોહનભાઇ પટેલને ગત તા.૧૩ મીએ બપોરે માથામાં દુઃખાવો અને ઉલ્ટી શરૂ થતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા બાદ બ્રેઇનડેડ જાહેર કરાયા હતા.

ડોનેટ લાઇફની ટીમે તેમના પરિવારને અંગદાન અંગે સમજાવતા પરિવારે તૈયારી દર્શાવી હતી.

દાનમાં મળેલી એક કિડની જામનગરના રાજેશ જગદીશભાઇ ઠક્કર(૪૦), બીજી સુરતના યતીનકુમાર વોરા (૧૦), લીવર મહેસાણાના રમેશ રેવાભાઇ પટેલ (૫૮)ને ટ્રાન્સપ્લાન્ટ કરાઇ હતી.

## ઓટોરીપેરીંગનું કામ કરતા કોળી પટેલ સમાજના યોગેશ પટેલને બ્રેઇનડેડ જાહેર કરાયા હતા

# બ્રેન ડેડ યોગેશભાઇના કિડની, લીવર અને આંખોનું દાન કરાયું

હેલ્થ રિપોર્ટર | સુરત



નવાપરા કોળી પટેલ સમાજના બ્રેનડેડ યોગેશ મોહનભાઇ પટેલના પરિવારજનો દ્વારા તેમના કિડની, લીવર અને આંખોનું દાન કરવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ અલ્રાજશ પ્રાઇમ આર્કેડ પાસે બાઇક રિપેરીંગનું કામ કરતાં અને પાલનપુર જકાતનાકા પાસે આવેલ એકતાનગરમાં રહેતા યોગેશભાઇ પટેલ તા.13 જૂનના રોજ બપોરે 3 કલાકે માથામાં સખત દુઃખાવો અને વોમિટીંગ થતાં તેને અલ્રાજશમાં આવેલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા હતા.

જ્યાં સિટી સ્કેન કરતા તેમને બ્રેઇન ટ્યુમર હોવાનું નિદાન થયું હતું. વધુ સારવાર માટે ગંભીર હાલતમાં તા.14 જૂનના રોજ અન્ય હોસ્પિટલ ખાતે લઇ જવાયા હતાં જ્યાં તા.15 જૂનના રોજ ક્રેન્યોટોમી કરી બ્રેઇન ટ્યુમર દૂર કરાયું હતું જોકે તેઓનું તા.16 જૂનના રોજ બ્રેનડેડ ડોક્ટરો દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. અહીં ડોક્ટરોએ ડોનેટ લાઇફનો સંપર્ક કર્યો હતો.

ડોનેટ લાઇફની ટીમ પહોંચી જ્યાં તેમના પરિવારજનોને ઓર્ગન ડોનેશન અંગે સમજણ આપવામાં આવી જ્યાં પરિવારજનોએ સંમતિ આપતાં તેમના કિડની, લીવર અને આંખોનું દાન લેવાયું હતું. એક કિડની 10 વર્ષના સુરતના વચન વોરા જ્યારે બીજી કિડની જામનગરના રાજેશ ઠક્કરને ટ્રાન્સપ્લાન્ટ કરાઇ હતી જ્યારે લીવર મહેસાણાના રમેશભાઇ પટેલને ટ્રાન્સપ્લાન્ટ કરાઇ હતી. ડોનેટ લાઇફ દ્વારા 205 કિડની, 79 લીવર, 5 પેન્ક્રીઆસ, 11 હૃદય અને 176 ચક્ષુઓનો દાન મેળવીને 476 વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

# બ્રેઈનડેડ જાહેર કરાયેલા શ્રમજીવી અંગોનું દાન કરીને 'ચિરંજીવ' બની ગયા

**યોગેશ પટેલની** કિડની, લીવર અને ચક્ષુઓનું પાંચ લોકોને દાન કરી નવજીવન અપાયું

સુરત: અડાજણ એકતા નગરમાં રહેતા યોગેશ મોહનભાઈ પટેલ (ઉ.વ.૪૨) ને અચાનક ૧૩મી જૂને માથામાં દુખાવા સાથે વોમિટીંગ થતા નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સિટી સ્કેન કરાવતા યોગેશને બ્રેઈન ટ્યુમર થયું હોવાનું નિદાન થયું હતું. ૧૫મી જૂને તેની ક્રેનિયોટોમી કરી બ્રેઈન ટ્યુમર દૂર કરાયું હતું. પરંતુ તેમના કોમામાં જઈ બ્રેઈન ડેડ થઈ જતા ડૉ. અંકિત ગજ્જરે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાળાનો સંપર્ક કરતા તેમણે યોગેશ પટેલના પરિવારજનોને અંગદાન ડોનેશન માટે સમજાવ્યા હતા.



યોગેશ પટેલના પરિવારજનોએ અંગદાન કરવાનું નક્કી કરતા તેમની એક કિડની સુરતના રહેવાસી ૧૦ વર્ષીય વચન મનીષકુમાર વોરા અને બીજી કિડની જામનગરના રહેવાસી ૪૦ વર્ષીય રાજેશ જમનાદાસભાઈ ઠક્કરમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. લીવર મહેસાણાના રહેવાસી રમેશભાઈ દેવાભાઈ પટેલમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું, જ્યારે બંને ચક્ષુઓનું દાન લોકદૃષ્ટિ ચક્ષુબેંકને આપવામાં આવ્યું હતું.

# પાલનપુર જકાતનાકાના બ્રેઈનડેડ યુવકના અંગદાનથી પાંચ વ્યક્તિને નવજીવન મળ્યું

સુરત : પાલનપુર જકાતનાકાના નવાગામ કોળી પટેલ સમાજના બ્રેઈનડેડ યુવકના પરિવારે તેનાં અંગોનું દાન કરી સમાજને નવી દિશા બતાવી છે. પાલનપુર જકાતનાકા સ્થિત એકતાનગરમાં રહેતો યોગેશભાઈ મોહન પટેલ (ઉં.વ.૪૨) અડાજણ પ્રાઈમ આર્કેડ પાસે બાઈક રિપેરિંગનું કામ કરતા હતા. ગત તા. ૧૩મીએ તેમને અચાનક માથામાં દુખાવો ઉપડતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. સીટીસ્કેન દરમિયાન તેમને બ્રેઈન ટ્યુમર હોવાનું નિદાન થયું હતું. શસ્ત્રક્રિયા કરી બ્રેઈન ટ્યુમર દૂર કરાયું હતું. દરમિયાન અઠવાલાઈન્સ ખાતેની હોસ્પિટલમાં દાખલ યોગેશભાઈને ગઈકાલે તબીબોની ટીમે બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. તેમને સંતાનમાં એક પુત્ર નિખિલ અને એક પુત્રી સીમરન છે. યોગેશભાઈના પરિવારને ડોનેટ લાઈફ દ્વારા અંગદાનનું મહત્ત્વ સમજાવતા પત્ની રંજનબેન સહિતના પરિવારજનો અંગદાન કરવા સહમત થયા હતા. ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાળાએ જણાવ્યું હતું કે, તેમના બંને ચક્ષુનું દાન લોકદૃષ્ટિ ચક્ષુબેંકે સ્વીકાર્યા હતા. જ્યારે કિડની અને લિવર અમદાવાદની IKDRC એ સ્વીકાર્યા હતા. એક કિડની સુરતના ૧૦ વર્ષીય વચન વોરાને, બીજી કિડની જામનગરના ૪૦ વર્ષીય રાજેશ ઠક્કરને અને લિવર મહેસાણાના ૫૮ વર્ષીય રમેશભાઈ પટેલમાં ટ્રાન્સફર કરાયું હતું. ડોનેટ લાઈફ દ્વારા ૨૦૫ કિડની, ૭૮ લિવર, ૫ પેન્ક્રિઆસ, ૧૧ હૃદય અને ૧૯૮ ચક્ષુનું દાન મેળવી ૪૭૬ લોકોને નવજીવન અને નવી રોશની આપી છે.